પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૩૧ | ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૩, સોમવાર; મહા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના પ્રથમ ફેઝનું કર્યું ઉદ્‌ઘાટન

# દિલ્હી-દૌસા-લાલસોટ ખંડ રાષ્ટ્રને સમર્પિત

**આ વિકસિત ભારતની તસવીર : છેલ્લા ૯ વર્ષથી અમે લોકો આધારભૂત માળખા પર ખુબ રોકાણ કરી રહ્યાં છે, આ રોકાણનો ખુબ મોટો લાભ રાજસ્થાનને મળવાનો છે : વડાપ્રધાન**





નવી દિલ્હી, તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના દિલ્હી-દૌસા-લાલસોટ ખંડ રાષ્ટ્રને સમર્પિત કર્યો છે. એક્સપ્રેસ-વેના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યા બાદ પ્રધાનમંત્રીએ કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા ૯ વર્ષથી અમે લોકો આધારભૂત માળખા પર ખુબ રોકાણ કરી રહ્યાં છે. આ રોકાણનો ખુબ મોટો લાભ રાજસ્થાનને મળવાનો છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે આજે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના પ્રથમ તબક્કાને રાષ્ટ્રને સમર્પિત કરતા મને ખુબ ગર્વ થઈ રહ્યો છે. આ દેશના સૌથી મોટા અને સૌથી આધુનિક એક્સપ્રેસવેમાંથી એક છે. આ વિકસિત ભારતની વધુ એક ભવ્ય તસવીર છે. હું દૌસાવાસીઓ અને દેશવાસીઓને શુભેચ્છા આપુ છું. આ વર્ષે બજેટમાં અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૧૦ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આ રકમ ૨૦૧૪ની રકમ કરતા પાંચ ગણી છે. આ રોકાણથી રાજસ્થાનને ખુબ ફાયદો થવાનો છે.

પ્રધાનમંત્રીએ દૌસામાં ૧૮,૧૦૦ કરોડ રૂપિયા કરતા વધુના ખર્ચની રોડ પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ પણ કર્યું છે. તેમણે કહ્યું કે, જ્યારે આવા આધુનિક રસ્તા, આધુનિક રેલવે સ્ટેશન, રેલવે ટ્રેક, મેટ્રો અને એરપોર્ટ બને છે તો દેશની પ્રગતિની ગતિ મળે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થનાર રોકાણ, તેનાથી વધુ રોકાણને આકર્ષિત કરે છે. કેન્દ્ર સરકાર સતત આંતરમાળખા પર ખુબ મોટું રોકાણ કરી રહી છે.

પ્રધાનમંત્રી મોદીએ આગળ કહ્યું કે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે અને વેસ્ટર્ન ડેડિકેટિડ ફ્રાઈટ કોરિડોર, આ રાજસ્થાનની, દેશની પ્રગતિને બે મજબૂત સ્તંભ બનાવવાના છે. આ પ્રોજેક્ટ, આવનારા સમયમાં રાજસ્થાન સહિત આ ક્ષેત્રની તસવીર બદલવાના છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનો દિલ્હી-દૌસા-લાલસોટ ખંડ ૨૪૬ કિલોમીટર લાંબો છે, જેને ૧૨૧૫૦ કરોડ રૂપિયા કરતા વધુ ખર્ચથી વિકસિત કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## એક્સપ્રેસવેનો પ્રથમ ભાગ ૨૪૬ કિમી લાંબો

**માત્ર ૧૨ કલાકમાં ૨૪ કલાકની મુસાફરી કરી શકાશે : ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ વે 93 PM ગતિ શક્તિ ટર્મિનલ, ૧૩ બંદરો, આઠ મોટા એરપોર્ટને કવર કરશે**

નવી દિલ્હી, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેના પ્રથમ ભાગનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. ૧,૩૮૬-દ્ઘ એક્સપ્રેસવેનો પ્રથમ ભાગ ૨૪૬ કિલોમીટર લાંબો છે. દિલ્હી-દૌસા-લાલસોટ વચ્ચેનો આ વિભાગ દિલ્હીથી જયપુરની મુસાફરીને એકદમ સરળ બનાવી દેશે. તેના નિર્માણ બાદ દિલ્હીથી જયપુર સુધીની પાંચ કલાકની મુસાફરી માત્ર સાડા ત્રણ કલાકમાં પૂર્ણ થઈ જશે.

૯ માર્ચ, ૨૦૧૯ ના રોજ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેનો ૨૪૬ કિમીનો દિલ્હી-દૌસા-લાલસોટ સેક્શન રૂ. ૧૨,૧૫૦ કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યો છે. આ ભાગ શરૂ થવાથી દિલ્હીથી જયપુરની મુસાફરીનો સમય ૫ કલાકથી ઘટીને લગભગ ૩.૫ કલાક થઈ જશે. આ સિવાય સરકારે સમગ્ર વિસ્તારના આર્થિક વિકાસને વેગ આપવાનો દાવો પણ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનના મહત્વના મુદ્દાઓ

- એક્સપ્રેસ-વેના પ્રથમ તબક્કાના ઉદ્‌ઘાટન સમયે બોલતા પીએમ મોદીએ કહ્યું કે, આ આધુનિક કનેક્ટિવિટીથી સરિસ્કા ટાઈગર રિઝર્વ, કેઓલાદેવ અને રણથંભોર નેશનલ પાર્ક, જયપુર, અજમેર જેવા ઘણા પ્રવાસન સ્થળોને પણ ફાયદો થશે. રાજસ્થાન પહેલાથી જ દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષક રહ્યું છે, હવે તેનું આકર્ષણ વધુ વધશે.
- પીએમ મોદીએ કહ્યું કે જ્યારે આવા આધુનિક રસ્તાઓ, આધુનિક રેલ્વે સ્ટેશન, રેલ્વે ટ્રેક, મેટ્રો અને એરપોર્ટ બનાવવામાં આવે છે, ત્યારે દેશની પ્રગતિ વેગ પકડે છે.
- પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષના બજેટમાં અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૧૦ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આ રકમ ૨૦૧૪માં જોગવાઈ કરાયેલી રકમ કરતાં પાંચ ગણી છે. આ રોકાણથી રાજસ્થાનને ઘણો ફાયદો થવાનો છે.
- પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા ૯ વર્ષથી કેન્દ્ર સરકાર પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સતત મોટું રોકાણ કરી રહી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રોકાણ વધુ રોકાણ આકર્ષે છે.
- કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ પણ આ હાઈવેનો ફોટો ટ્વિટર પર શેર કર્યો છે. તેમણે કહ્યું કે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ઓપ્ટિકલ ફાઈબર કેબલ, પાઈપલાઈન, સોલાર એનર્જી અને વોટર હાર્વેસ્ટિંગ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.

## હાર્દિક-નતાશા વેલેન્ટાઈન્સ-ડેના રોજ ધામધૂમથી લગ્ન કરશે

**ત્રણ વર્ષ બાદ રિવાજો પ્રમાણે લગ્ન કરશે : વેડિંગ ફંક્શન ૧૩ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૬ ફેબ્રુઆરી સુધી ચાલશે**



મુંબઈ, તા.૧૨

ભારતીય ક્રિકેટ ટીમમાંથી વધુ એક ક્રિકેટર લગ્નના તાંતણે બંધાવા તૈયાર છે. આ ક્રિકેટર બીજી વખત લગ્ન કરી રહ્યો છે. જી હા, ક્રિકેટર હાર્દિક પંડ્યા પોતાની પત્ની નતાશા સ્ટેનકોવિક સાથે જ બીજીવાર લગ્ન કરવા જઈ રહ્યો છે. હાર્દિક પંડ્યા અને નતાશા સ્ટેનકોવિકે કોરોનાકાળ દરમિયાન કોર્ટ મેરેજ કર્યા હતા. ૨૦૨૦માં કરેલા કોર્ટ મેરેજ બાદ હવે હાર્દિક અને નતાશા ધામધૂમથી લગ્ન કરવા જઈ રહ્યા છે. હાર્દિક અને નતાશા વેલેન્ટાઈન્સ ડે એટલે કે ૧૪ ફેબ્રુઆરીએ રિવાજો પ્રમાણે લગ્ન કરવા છે. લગ્ન માટે કપલે ઉદયપુર પર પસંદગી ઉતારી છે. કપલ ક્રિશ્ચન રિવાજો પ્રમાણે લગ્ન કરવાનું છે. અહેવાલમાં સૂત્રોના હવાલેથી ટાંકવામાં આવ્યું છે કે, "અગાઉ હાર્દિક અને નતાશાએ કોર્ટ મેરેજ કર્યા હતા. બધું જ ખૂબ ઉતાવળમાં થયું હતું. એટલે જ તેઓ ધામધૂમથી લગ્ન કરવા માગતા હતા. હવે જ્યારે લગ્નની ઘડી નજીક છે ત્યારે આખો પરિવાર ખૂબ ઉત્સાહિત છે."

રિપોર્ટ પ્રમાણે, હાર્દિક-નતાશાના વેડિંગ ફંક્શન ૧૩ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૬ ફેબ્રુઆરી સુધી ચાલશે. હાર્દિક-નતાશા ભલે ક્રિશ્ચન વેડિંગ કરવાના છે પરંતુ પ્રી-વેડિંગ ફેસ્ટિવલ્સ હિન્દુ રિવાજો પ્રમાણે થશે.

## દેશમાં સાત નવા રાજ્યપાલ નિમાયા અને પાંચની બદલી

**મહારાષ્ટ્ર સહિત કુલ ૧૨ રાજ્યોના રાજ્યપાલ બદલાયા : ઝારખંડના રાજ્યપાલ રમેશ બૈસ મહારાષ્ટ્રના નવા રાજ્યપાલ : મહારાષ્ટ્રના ગવર્નર તેમજ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર રાધા કૃષ્ણન માથુરના રાજીનામાનો સ્વીકાર કરાયો**

મુંબઈ, તા.૧૨

મહારાષ્ટ્ર સહિત કુલ ૧૨ રાજ્યોના રાજ્યપાલ બદલાયા. મહારાષ્ટ્રની રાજનીતિને લઈને ફરી એકવાર મોટા સમાચાર સામે આવ્યાં છે.





કોશ્યરીના રાજીનામાં બાદ મહારાષ્ટ્રના નવા રાજ્યપાલ તરીકે બૈસની નિયુકતી કરવામાં આવી છે. આ સમાચારો સામે આવતાની સાથે ફરી એકવાર મહારાષ્ટ્રમાં રાજકીય હલચલ તેજ બની ગઈ છે. થોડા સમયથી સુસ્ત ચાલતી મહારાષ્ટ્રની રાજનીતિ ફરી એકવાર હલચલમાં આવી ગઈ છે.

રમેશ બૈસને મહારાષ્ટ્રના નવા રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે ભગત સિંહ કોશ્યરીનું રાજીનામું સ્વીકારી લીધું છે. મહારાષ્ટ્રના ગવર્નર તેમજ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર રાધા કૃષ્ણન માથુરના રાજીનામાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ સાથે ઘણા રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂક કરવામાં આવી છે.

આ એપિસોડમાં ઝારખંડના રાજ્યપાલ રમેશ બૈસને મહારાષ્ટ્રના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. આ સિવાય ગુલાબચંદ કટારિયાને આસામના રાજ્યપાલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી શિવ પ્રતાપ શુક્લાને હિમાચલ પ્રદેશના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના ગવર્નર તેમજ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર રાધા કૃષ્ણન માથુરના રાજીનામાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ સાથે જ ૧૨ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશના નવા રાજ્યપાલની નિયુક્તિ પણ કરવામાં આવી છે.

આંધ્રપ્રદેશના રાજ્યપાલ બિસ્વ ભૂષણ હરિચંદનને છત્તીસગઢના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. આ સિવાય છત્તીસગઢના રાજ્યપાલ અનુસુયાને મણિપુરના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. આ સિવાય મણિપુરના રાજ્યપાલ લા ગણેશનને નાગાલેન્ડના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. સાથે જ લક્ષ્મણ પ્રસાદ આચાર્યને સિક્કિમના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. પૂર્વ લેફ્ટનન્ટ જનરલ કૈવલ્ય ત્રિવિક્રમ પરનાઈકને અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે.

## નરેન્દ્ર મોદી ૧૦ જાહેર સભા-૧૦ હજાર કિમીનો પ્રવાસ કરશે

**૯૦ કલાક વ્યસ્ત રહેશે પીએમ મોદી : જે રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે ત્યાં જાહેર રેલીઓ યોજશે**

નવી દિલ્હી, તા.૧૨

પીએમ નરેન્દ્ર મોદીએ ૪ દિવસનું ખૂબ જ વ્યસ્ત શેડ્યૂલ બનાવ્યું છે. તેઓ આ ચાર દિવસમાં ૧૦ જાહેર રેલીઓ કરવાના છે અને ૧૦,૮૦૦ કિલોમીટરથી વધુની યાત્રા કરશે. તેઓ જે રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે ત્યાં જાહેર રેલીઓ યોજવાના છે.

તેઓ આ સમયગાળા દરમિયાન સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યોને ગણાવશે કરશે. તે અગરતલાથી મુંબઈ અને લખનૌથી બેંગ્લોર જશે. તેમની યાત્રાઓ દેશના ખૂણેખૂણાને જોડે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ ફેબ્રુઆરીએ દિલ્હીથી લખનૌ ગયા હતા જ્યાં તેમણે ઉત્તર પ્રદેશ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પછી તેઓ મુંબઈ ગયા જ્યાં તેમણે બે વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી. આ ઉપરાંત તેમણે બે રોડ પ્રોજેક્ટ પણ ડેડિકેટ કર્યા હતા. આ પછી તે દિલ્હી પાછા ફર્યા. આ પછી તેણે એક જ દિવસમાં ૨૭૦૦ કિલોમીટરથી વધુનો પ્રવાસ કર્યો.

બીજા દિવસે તે ત્રિપુરા ગયા. અહીં તેમણે બે જાહેરસભાઓને સંબોધી હતી. આ બંને જાહેર સભાઓ અંબાસા અને રાધાકિશોરપુરમાં યોજાઈ હતી. આ પછી તે દિલ્હી પાછા ફર્યા. આ દરમિયાન તેણે એક જ દિવસમાં ૩ હજાર કિલોમીટરથી વધુનું અંતર કાપ્યું હતું. આ પછી, ૧૨ ફેબ્રુઆરીએ, પીએમ મોદીએ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મજયંતિની ઉજવણીમાં હાજરી આપી હતી. અહીં તેમણે આગામી એક વર્ષ સુધી ચાલનારા કાર્યક્રમોનું ઉદ્‌ઘાટન કર્યું.

આ પછી પીએમ નરેન્દ્ર મોદી રવિવારે જ રાજસ્થાનના દૌસા જશે. અહીં તેઓ અનેક હાઈવે પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. પીએમ અહીં બે જનસભાને સંબોધિત કરશે અને ત્યારબાદ તેઓ સીધા બેંગલુરુ જવા રવાના થશે. તે મોડી રાત્રે બેંગલુરુ પહોંચશે. આ કાર્યક્રમ દરમિયાન તે ૧૭૫૦ કિલોમીટરથી વધુનું અંતર કાપશે.

## કોંગ્રેસે તેના શાસનમાં ત્રિપુરાના વિકાસ કર્યો નથી : અમિત શાહ

**ત્રિપુરામાં અમિત શાહના કોંગ્રેસ પર પ્રહાર : સેંકડો કોંગ્રેસીઓને કોમ્યુનિસ્ટોએ માર્યા, આજે તેઓ તેમની સાથે ગઠબંધન કર્યું છે : કેન્દ્રિય ગૃહમંત્રી શાહ**

બેંગલુરુ, તા.૧૨

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ત્રિપુરામાં બે ચૂંટણી રેલીઓને સંબોધી હતી. આ રેલીઓમાં અમિત શાહે ડાબેરીઓ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. ચાંદીપુરની રેલીમાં અમિત શાહે કહ્યું કે, ડાબેરીઓ અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધન થઈ ગયું છે. ગઠબંધનની રચના થતા જ ડાબેરીઓએ સ્વીકાર્યું કે તે એકલા ભાજપ સામે લડી શકે તેમ નથી. તેમણે કહ્યું કે કોંગ્રેસની તો શું વાત કરવી, જે સામ્યવાદીઓએ સેંકડો કોંગ્રેસીઓને માર્યા, તે કોંગ્રેસ તેમની સાથે આજે ઈલુ ઈલુ કરી રહી છે.



અમિત શાહે કહ્યું, તમે કોંગ્રેસનું શાસન જોયું છે. તેમણે ત્રિપુરાના કોઈ વિકાસ કર્યો નથી. પહેલા બિપ્લબ દેબ પછી માણિક શાહે ત્રિપુરાના વિકાસને આગળ વધાર્યો. ભાજપે ત્રિપુરાના વિકાસ માટે ગરીબ મધ્યમ વર્ગના યુવાનોને જોડવાનું કામ કર્યું છે. જ્યારે કોંગ્રેસે ક્યારેય આદિવાસીઓનું કલ્યાણ કર્યું નથી.

## કાટમાળમાંથી પરિવારના ૫ સભ્યો સુરક્ષિત મળ્યા

**સીરિયામાં શક્તિશાળી ભૂકંપ બાદ સામે આવ્યો ચમત્કાર : પાંચેય સભ્યો પોતાના મકાનના કાટમાળ નીચે ફસાયા હતા**

ઈદલિબ, તા.૧૨

સીરિયા અને તુર્કીમાં આવેલા શક્તિશાળી ભૂકંપ બાદ અનેક વિસ્તારો તબાહ થઈ ચૂક્યા છે. સીરિયા અને તુર્કીમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ હજારોની સંખ્યામાં રાહતકર્મીઓ હજુ પણ ધરાશાયી થયેલી ઈમારતોની નીચે શોધખોળ કરી રહ્યાં છે.

તબાહી અને નિરાશા વચ્ચે અસ્તિત્વની ચમત્કારીક કહાણી સામે આવી રહી છે. આવામાં એક બચાવ અભિયાન દરમિયાન પશ્ચિમ સીરિયાના ઈદલિબ પ્રાંતમાંથી એક આખા પરિવારને બચાવી લેવામાં આવ્યો છે. ત્રણ બાળકો અને બે વયસ્કોને તેમના ઘરના કાટમાળ નીચેથી બહાર કાઢવામાં આવ્યા છે. આ ઘટના પછી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા અને પછી નારેબાજી કરવા લાગ્યા કે, ઈશ્વર મહાન છે.

બચાવનો એક વીડિયો સીરિયા નાગરિક સુરક્ષા સ્વયંસેવી સંગઠન ધ વ્હાઈટ હેલ્મેટ્સ દ્વારા શેર પણ કરવામાં આવ્યો છે. ટ્વિટમાં લખ્યું છે કે, ચમત્કાર, ખુશીઓનો અવાજ આકાશને ગળે લગાવે છે. વિશ્વાસથી અલગ ખુશી. સાત ફેબ્રુઆરી, મંગળવારની બપોરે વિસ્નિયા ગામમાં એક આખા પરિવારને તેમના ઘરના કાટમાળ નીચેથી બહાર કાઢવામાં આવ્યો હતો.



વિડીયોમાં દેખાય છે કે બચાવકર્મીઓ બાળકોને એમ્બ્યુલન્સ સુધી લઈ જઈ રહ્યાં છે અને વયસ્કોને પણ સ્ટ્રેચર પર બહાર લઈ જવામાં આવી રહ્યાં છે. ગયા સોમવારે આવેલા શક્તિશાળી ૭.૮ની તીવ્રતાના ભૂકંપથી તુર્કી અને સીરિયામાં હજારો ઈમારતો ધ્વસ્ત થઈ ચૂકી છે. જેમાં ૨૮ હજારથી પણ વધુ લોકોનાં મોત થયા છે અને લાખો લોકો બેઘર થયા છે.

તુર્કી અને સીરિયામાં આવેલા શક્તિશાળી ભૂકંપે અનેક વિસ્તારોને તબાહ કરી નાખ્યા છે.